અપીલ અરજી નં.૬૦ તા.૨૦–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯–૩–૧૦ ની અરજીથી ઉધના ચાલતા નં.૫૪ પૈકી ૫૫,૫૯ શીટ નં.૩ વડા કાંઠા નં.૬૬ પર તૈયાર થતા બાંધકામ બાબત. (૧) સદર સ્થળ પર તૈયાર થતાં બાંધકામમાં મંજુર પ્લાન વિરૂધ્ધનાં ભાગનું બાંધકામ દૂર કરવા આર્કીટેકટને આપના વિભાગ તરફથી જણાવવામાં આવ્યું હતું તો તે કઈ તારીખે જણાવવામાં આવ્યું હતુ તથા કયા અધિકારીના આદેશથી બાંધકામ દૂર કરવાનું જણાવવામાં આવ્યું હતું (અધિકારીના બાંધકામ દૂર કરવા અંગેના આદેશપત્રની નકલ સહિતની વિગત આપશો.) વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૦/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯–૩–૧૦ ની અરજીથી ઉધના ચાલતા નં.૫૪ પૈકી ૫૫,૫૯ શીટ નં.૩ વડા કાંઠા નં.૬૬ પર તૈયાર થતા બાંધકામ બાબત. (૧) સદર સ્થળ પર તૈયાર થતાં બાંધકામમાં મંજુર પ્લાન વિરૂધ્ધનાં ભાગનું બાંધકામ દૂર કરવા આર્કીટેકટને આપના વિભાગ તરફથી જણાવવામાં આવ્યું હતું તો તે કઈ તારીખે જણાવવામાં આવ્યું હતુ તથા કયા અધિકારીના આદેશથી બાંધકામ દૂર કરવાનું જણાવવામાં આવ્યું હતું (અધિકારીના બાંધકામ દૂર કરવા અંગેના આદેશપત્રની નકલ સહિતની વિગત આપશો.) વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૫ તા.૨૭–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૯–૩–૧૦ ની અરજીથી ઉધના ચાલતા નં.૫૪ પૈકી ૫૫,૫૯ શીટ નં.૩ વડા કાંઠા નં.૬૬ પર તૈયાર થતા બાંધકામ બાબતે મુદ્દા નં. (૧) સદર સ્થળ પર તૈયાર થતાં બાંધકામમાં મંજુર પ્લાન વિરૂધ્ધનાં ભાગનું બાંધકામ દૂર કરવા આર્કીટેકટને આપના વિભાગ તરફથી જણાવવામાં આવ્યું હતું તો તે કઈ તારીખે જણાવવામાં આવ્યું હતુ તથા કયા અધિકારીના આદેશથી બાંધકામ દૂર કરવાનું જણાવવામાં આવ્યું હતું (અધિકારીના બાંધકામ દૂર કરવા અંગેના આદેશપત્રની નકલ સહિતની વિગત આપશો.) મુદ્દા નં.(૨) આ સ્થળ ઉપર અત્યાર સુધીમાં જુની. ઈજનેર, ડે.ઈજનેર તથા કાર્યપાલક ઈજનેરે મુલાકાત લીધેલ છે તે કઈ કઈ તારીખે મુલાકાત લીધી તેની વિગતો આપશો. મુદ્દા નં.(૩) આર્ટીટેકટને મંજુર પ્લાન વિરુધ્ધના ભાગનું બાંધકામ દુર કરવાનું જણાવ્યા બાદ આર્કીટેકટે તે બાંધકામ દુર કરેલ છે કે કેમ? જો કર્યુ હોય તો તે કયારે કર્યુ અને ન કર્યુ હોય તો કયા કારણસર તે બાંધકામ દુર નથી કર્યુ તેની વિગતો આપશો. મુદ્દા નં.(૪) જુની. ઈજનેર, ડે.ઈજનેર તથા કાર્યપાલક ઈજનેરને મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ જણાતું હોય અને તે બાંધકામ દુર કરવા અંગેનું આર્કીટેકટને જણાવવામાં આવ્યું હોય તેવા કોઈ કિસ્સા અન્ય જગ્યાએ બનેલા છે કે કેમ? જો બન્યા હોય તો વિગતવારની માહિતી આપશો. મુદ્દા નં.(૫) ઉપરોકત સ્થળે તૈયાર થતા બાંધકામમાં જવાનો રસ્તો કેટલા ફુટ પહોળો તથા કેટલા ફુટ ઉંચો છે તેની વિગત આપશો. (કુંદનલોજવાળા રસ્તાથી બાંધકામનો પ્રવેશ) કરવાનો રસ્તો (એન્ટ્રી)ની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોનમાં કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવા કારણસર અરજદારે તા.૨૦–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી આપેલ હોવાનું જણાતું નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૯–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,